# આજે મનપાની સામાન્ય સભા મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે સામાન્ય સભા મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મનપાના સભાખંડમાં બપોરે ૧૨ વાગે મળશે.

નવા વર્ષના પ્રથમ દિવસે મળનારી આ સામાન્યસભા તોફાની બની રહેશે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે. આ બેઠકમાં કોંગ્રેસ પક્ષ દ્વારા અંકિત બારોટના અપહરણને લઈ સત્તાધારી પક્ષને ભીંસમાં લેવાનો પ્રયાસ કરશે.

દરમ્યાન આજે મનપા દ્વારા વધુ બે મુદાઓને આજની સામાન્યસભામાં સમાવવા માટેનો પૂરક એજન્ડા જારી કરવાનો નિર્ણય લીધો છે. મનપાની આજની બેઠકનો જે અગાઉ એજન્ડા જારી કરવામાં આવ્યો હતો તેમાં કાઉન્સીલરોના પગાર ભથ્થામાં વધારો તેમજ રંગમંચોના ભાડા વધારા અંગે સ્થાયી સમિતિએ સુધારા વધારા સાથે રજુ કરેલી દરખાસ્ત દર્શાવવામાં આવી છે.

આજની બેઠકમાં સ્વચ્છતા મિશનમાં મનપાના આવેલા ક્રમાંકને ધ્યાને રાખી સ્ટાર રેટીંગ માટે સરકારમાં દરખાસ્ત કરવાનો મુદ્દો તેમજ ટોઈંગ વાનની મુદત વધારી આપવા અંગેનો મુદ્દો પૂરક એજન્ડામાં સમાવવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

મનપાની આજે મળનારી આ સામાન્યસભામાં નવા મેયરને બદલે વર્તમાન મેયર જ કાનૂની વિવાદને પગલે અધ્યક્ષપદ સંભાળશે. આજની બેઠકમાં કોગ્રેસના વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા પગપાળા ગયા હોવાથી હાજર રહેનાર નથી આમ છતાં વિપક્ષ એકતા સાથે અંકિત બારોટનું અપહરણનો બનાવ તેમજ સ્વચ્છતા માટે મેયરની તપાસમાં બહાર આવેલી વિગતોને લઈ તડાપીટ બોલવશે તેમ મનાઈ રહ્યું છે.

સત્તાધારી ભાજપ દ્વારા હજુ સુધી તેની રણનીતિને આખરી ઓપ આપવામાં આવ્યો નથી પરંતુ સભા શરૂ થતાં પૂર્વે ચૂંટાયેલા સભ્યોની બેઠક મળશે જેમાં આખરી નિર્ણયો લેવામાં આવશે.



રળિયામણું ગાંધીનગર - આજકાલ ગાંધીનગર રળિયામણું બની રહ્યું છે... વાયબ્રન્ટ સમિટના પગલે શહેરને રળિયામણું બનાવવામાં કોઈ કચાશ ન રાખવા તંત્ર રાત-દિવસ એક કરી રહ્યું છે... ઘ-માર્ગ અને ચ-માર્ગની ફુટપાથોના વળાંકો પર આકર્ષક ફુલ-છોડ અને મહેંદીના રોપાનું વ્યાપક વાવેતર થઈ રહ્યું છે... અને આગામી દસ દિવસમાં શહેરનો નજારો બદલાઈ જશે... મહાત્મા મંદિર હોય કે શહેરના રાજમાર્ગો હોય, એક્ઝીબિશન સેન્ટર હોય કે એરપોર્ટ રોડ હોય ચારેય તરફ તડામાર તૈયારીઓ ચાલી રહી છે...

# સે-૬/ડીમાં જુના ભયજનક મકાનો તોડીને નવા ૫૬૦ આવાસો બાંધવામાં આવશે

**બી અને સી કક્ષાના આવાસો બાંધવા માટે ટુંકમાં જ જગ્યા ખુલ્લી કરવા કામગીરી હાથ ધરાશે**

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં જુના અને કંગાળ સરકારી આવાસો દાયકાઓના અંતે રહેણાંકને લાયક રહ્યા નથી જેના લીધે માર્ગ મકાન વિભાગ દ્વારા સેકટરોમાં નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. સે-૬ ડી માં પણ બી અને સી કક્ષાના ૫૬૦ જેટલા નવા આવાસો બાંધવા માટે કામગીરી હાથ ધરાશે. આ માટે આ વિસ્તારમાં સ્થિત અન્ય કેટેગરીના કંગાળ આવાસોને તોડી નાંખીને જગ્યા ખુલ્લી કરાશે. સેકટરમાં નવા આવાસો બાંધવાનુ કામ ઝડપથી પુર્ણ કરવા માટે આયોજન કરાશે

શહેરમાં નવા સરકારી આવાસો બાંધવાના મામલે સ્થળ પસંદગીનો મુદ્દો છેલ્લા ૬ મહીનાથી અટવાયેલો હતો. જો કે આખરે સે-૬ માં બી અને સી કક્ષાના નવા આવાસો બાંધવાનો નિર્ણય લેવાયો છે. સે-૬ માં નવા ૫૬૦ સરકારી આવાસો બાંધવા માટે અંદાજિત સો કરોડનો ખર્ચ કરાશે. સેકટરોમાં જુના અને કંગાળ સરકારી આવસો તબક્કાવાર તોડી નાંખવામાં આવે છે. સેકટરોમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ પણ ભયજનક અને જોખમી મકાનોની સંખ્યા વિશેષ છે. ત્યારે તબક્કાવાર વિભાગ કક્ષાએથી મંજુરી મળે તેમ જુના મકાનો તોડવામાં આવી રહ્યા છે. અગાઉ જુના મકાનોનો નિકાલ

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૧ જીમખાના ક્રિકેટ મેદાન, સ્ટેડિયમ રૂમ તૈયાર હવે પીચનુ કામ શરૂ થશે

**આંતરરાષ્ટ્રીય કક્ષાની મેચ રમી શકાય તે મુજબની પેટર્ન પર પીચ તૈયાર કરાશે : અનુભવી ક્રિકેટરનો અભિપ્રાય લઇ પીચ તૈયાર કરવાની ડિઝાઇન આખરી થશે**

ગાંધીનગર તા ૩૧


ગાંધીનગરમાં સે-૨૧ સ્થિત જીમખાનાના ક્રિકેટ મેદાનને અનુલક્ષી પ્રથમ તબક્કાની કામગીરી પુર્ણ થતા હવે બીજા તબક્કાનુ કામ હાથ ધરાશે. જેમાં અનુભવી નિષ્ણાંતોનો અભિપ્રાય લઈ પીચ તૈયાર કરવા તેમજ લાઈટીંગ અને સ્ટેડિયમની બેઠક વ્યવસ્થાનુ કામ પણ હાથ ધરાશે. પીચ તૈયાર કરવા માટે ક્રિકેટના અનુભવી નામી ખેલાડીઓનો અભિપ્રાય પણ લેવાશે.

ગાંધીનગરમાં સે-૨૧ જીમખાના મેદાન ખાતે તૈયાર થયેલા ક્રિકેટ સ્ટેડિયમને અનુલક્ષી પ્રથમ તબક્કાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જેમાં સિવિલ કામગીરી પુર્ણ કરી દેવાઈ છે. જયારે હવે બીજા તબક્કાની કામગીરી શરૂ કરાશે. ગાંધીનગરના જીમખાના મેદાનમાં રણજીટ્રોફી થી માંડીને ઉચ્ચ કક્ષાની મેચ પણ રમી શકાય તે મુજબની પેટર્ન પર ક્રિકેટ મેદાન તૈયાર કરવા માટે આયોજન કરાયુ છે. જેને અનુલક્ષીને તે મુજબ ડિઝાઈન પણ તૈયાર કરી દેવામાં આવી છે. અલબત્ત સ્ટેડિયમના બાંધકામ સહીત ખેલાડીઓ માટેના રૂમ સાથે સિવિલ કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. ક્રિકેટ મેદાનને નિખારવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે હવે બીજા તબક્કાની કામગીરી દરમિયાન ક્રિકેટની પીચ તૈયાર કરવા માટે ટુંકમાં જ આયોજન આખરી કરાશે. જેમાં સામાન્ય વહીવટ વિભાગ તેમજ માર્ગ મકાન વિભાગના અધિકારીઓ પીચ નિષ્ણાંતની સલાહના આધારે પીચની ડિઝાઈન તૈયાર કરશે. આ મામલે અગાઉ વિભાગના અધિકારીઓએ રાજકોટ સહીતના શહેરોમાં ક્રિકેટ મેદાનનો અભ્યાસ કર્યો છે. જયારે હવે સિવિલ કામગીરી પુર્ણ થયા બાદ વિભાગના અધિકારીઓની નઝર મેદાન તરફ મંડરાઈ છે. સે-૨૧ ના જીમખાના મેદાનમાં પીચ તેમજ લાઈટીંગ સહીતની કામગીરીને અનુલક્ષી ટુંકમાં નિષ્ણાંતોની મદદથી ડિઝાઈન આખરી કરી કામગીરી શરૂ કરી દેવાશે.

# પૂર્વ મુખ્ય ઈજનેર આર.ડી. પટેલનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના પૂર્વ મુખ્ય ઈજનેર અને ગાંધીનગર નાગરિક બેંકના ડિરેક્ટર વિપુલ પટેલ અને લાયન્સ ક્લબના પૂર્વ પ્રમુખ દિપક પટેલના પિતા આર.ડી. પટેલનુ આજે દુઃખદ અવસાન થયું છે.



સિનીયર સિટીઝન કાઉન્સીલ, પેન્શનર સમાજ સાથે તેઓ સક્રિયતાથી જોડાયેલા હતા. આ ઉપરાંત વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા રહ્યા હતા.

આર.ડી. પટેલની આજે સવારે સે-૨૨માંના તેમના નિવાસસ્થાનેથી નીકળેલી અંતિમ યાત્રામાં તબીબી અધિકારીઓ, વેપારી આગેવાનો, સહકારી આગેવાનો તેમજ કર્મચારી અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# કાતિલ ઠંડીમાં વહેલી સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓની હાલત દયાજનક

**આકરી ઠંડીના સંજોગોમાં માર્નિંગ સ્કુલના સમયમાં ફેરફાર કરવામાં શિક્ષણતંત્રની નિરસતા : વાલીઓમાં આક્રોશ : સરકારી પરિપત્રની ઐસી તૈસી**

ગાંધીનગર તા ૩૧

આક્રમક ઠંડીનો દૌર યથાવત છે. ઠંડીનો પારો છેલ્લા ૧૫ દિવસથી ૧૦ ડિગ્રીની અંદર રહેતા નગરજનો આકરા કોલ્ડવેવ વચ્ચે ઠંડીથી બચવા અનેક પ્રયાસો કરી રહ્યા છે. જયારે વહેલી સવારે અને રાત્રિના નાગરિકો ઘરની બહાર ન નિકળતા માર્ગો પર સુનકાર પ્રવર્તેલો જોવા મળે છે. પરંતુ આકરી ઠંડીની અસર વચ્ચે પણ શાળાઓના સમયમાં કોઈ ફેરફાર કરાયો નથી. જેના લીધે મોર્નિંગ સ્કુલમાં જતા વિદ્યાર્થીઓ દયાજનક હાલતમાં મુકાઈ ગયા છે. શિક્ષણતંત્ર પણ આ મામલે નિરસતા દાખવી રહ્યુ છે. બીજીતરફ વાલીઓમાં પ્રબળ રોષ સાથે શાળાના સમયમાં ફેરફાર કરવા માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં છેલ્લા ૧૫ દિવસથી ઠંડીનો પારો સિંગ્લ ડિઝીટમાં છે. સિઝનની રેકર્ડ બ્રેક

● અનુસંધાન પાન-૭ પર

# કુંવરજી બાવળિયાને દિલ્હીનું તેડુ : રાજકારણમાં ગરમાવો

ગાંધીનગર, તા.૩૧

જસદણ બેઠકની પેટા ચુંટણીમાં વિજયી બનેલ મંત્રી શ્રી કુંવરજી બાવળિયાને આજે દિલ્હીથી તેડું આવતાં તેઓ દિલ્હી જવા રવાના થયા છે.

તેમની એકાએક દિલ્હી યાત્રા ગોઠવાતાં વિછીંયાનો તેમનો પ્રવાસ હાલ સ્થગિત કરી દેવામાં આવ્યો છે.

બાવળિયાના દિલ્હી તેડાએ પાટનગરના રાજકીય વર્તુળોમાં અનેક તર્ક વિતર્ક ઉભા કરી દીધા છે. તેઓ દિલ્હીમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહ, પ્રભારી ઓમ માથુર તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે તેમ જાણવા મળેલ છે.

તેઓ કાલે પરત આવશે. ભાજપના સભ્ય તરીકે ચુંટાયા પછી તેમની આ પ્રથમ દિલ્હી યાત્રા છે.

# ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન

ગાંધીનગર

3D પ્રિન્ટર્સ ઈન્ટરનેટ પછી વિશ્વનું સૌથી મોટું ઈનોવેશન છે. એક એવા સમયમાં કે જ્યારે કે ટેકનોલોજીના લીધે એક મહત્વપૂર્ણ પરિવર્તનના ભાગરૂપે નોકરીઓનું સ્વરૂપ બદલાય રહયું છે ત્યારે ઈન્ટરનેટ, કોમ્પ્યુટર, રોબોટ અને 3D પ્રિન્ટર્સના જાણકાર વ્યક્તિઓને નોકરી મેળવવામાં સરળતા રહેશે. અમેરિકાની એક મેડીકલ કોલેજમાં 3D પ્રિન્ટર્સ દ્વારા નાક, કાન અને આંગળી કપાઈ હોય તો તેને બદલાવી શકાય છે. ધીમેધીમે રીસર્ચ એ દિશામાં આગળ વધી રહયું છે કે કીડની અને હાર્ટ પણ 3D પ્રિન્ટર્સ દ્વારા બનાવી શકાશે. પશ્ચિમના દેશોમાં ક્લાસરૂમમાં 3D પ્રિન્ટર્સનો ઉપયોગ શરૂ થઈ ગયો છે. ભારતમાં પ્રારંભિક બાલ્યાવસ્થામાં છે. 3D પ્રિન્ટરના જાણકાર લોકોનું ભવિષ્ય સુરક્ષિત છે. ગાંધીનગરની આઈ.આઈ.ટી.ઈ. દ્વારા ગાંધીનગરના લોકો માટે 3D પ્રિન્ટર્સ શીખવાનો એક અદભૂત અવસર પ્રસ્તુત કરવામાં આવે છે. રજીસ્ટ્રેશન માટે ઓફીસ સમય દરમ્યાન સુશ્રી હિરલબેન જાનીનો રૂબરૂ સંપર્ક કરવો.

| ક્રમ | બેચ | તારીખ | સંખ્યા | ફી રૂ. | સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૦૩,૦૪,૦૫ જાન્યુઆરી, ૨૦૧૯ (કુલ દિવસ-૩) | ૩૦ | ૧૫૦૦ | સવારે ૮ થી ૧૦ (ભાઈઓ માટે) |
| ૨ | ૨ | ૦૩,૦૪,૦૫ જાન્યુઆરી, ૨૦૧૯ (કુલ દિવસ-૩) | ૩૦ | ----- | બપોરે ૨ થી ૪ (ગાંધીનગરના બહેનો માટે) |
| ૩ | ૩ | ૦૩,૦૪,૦૫ જાન્યુઆરી, ૨૦૧૯ (કુલ દિવસ-૩) | ૩૦ | ૧૫૦૦ | સાંજે ૬ થી ૮ (ભાઈઓ માટે) |

સ્થળ : ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, મહાત્મા મંદિર પાસે, ખ-રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર.

તારીખ : ૩૧/૧૨/૨૦૧૮
સ્થળ : ગાંધીનગર

કુલસચિવ કા.
આઈઆઈટીઈ

# શાળામાં હાજરી વખતે યસ સર નહી જયહિન્દ બોલવાનું

**વધુ એક મહત્વનો નિર્ણય સ્કુલોમાં લાગુ કરાશે : ઉપસ્થિતિ વખતે શાળામાં વિદ્યાર્થીઓએ જયહિન્દ કે જય ભારત બોલવાની પ્રથાનો નવતર પ્રયોગ ટૂંકમાં જ અમલી**

અમદાવાદ, તા.૩૧

ગુજરાત રાજયમાં ખાસ કરીને પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા સુધારવા માટે સરકાર દ્વારા વારંવાર નવા-નવા અખતરા કરવામાં આવી રહ્યા છે. જેમાં પ્રવેશોત્સવથી લઈ ગુણોત્સવ સાથે વિવિધ કલા-કારીગરી શીખવાડવાની તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે હવે દેશભક્તિનાં પાઠ શીખવાડવા દરેક શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી પુરતી વખતે પ્રેઝેન્ટ સર કે યસ સર..ના બદલે જયભારત કે જયહિન્દ બોલાવવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા શાળાઓમાં વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ બળવત્તર બનાવવાના ઉમદા આશયથી આ નવતર પ્રયોગ લાગુ કરવામાં આવશે. ટૂંક સમયમાં જ રાજયની શાળાઓમાં તેની અમલવારી કરવામાં આવશે એમ સરકાર દ્વારા સ્પષ્ટ કરાયું હતું. ગુજરાતમાં સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# સ્વ.આશાબેન કોયાનું દેહદાન

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેશ કોયાના માતૃશ્રી આશાબેન કિશોરભાઈ કોયાનું તા. ૨૮મીના રોજ દુઃખદ અવસાન થયું છે.



સ્વ. આશાબેન કોયાની અંતિમ ઈચ્છા મુજબ તેમના દેહનું દાન મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે દાન કરવામાં આવ્યું છે. તો તેમના ચક્ષુઓનું પણ દાન કરવામાં આવ્યું હતું.

સ્વ. આશાબેન તેમની પાછળ તેમના ૩ પુત્રો હિતશ કોયા તથા મિતેશ કોયા તથા ડૉ. હર્ષલ કોયાને વિલાપ કરતા છોડી ગયા છે. તેઓએ તેમના અંતિમ શ્વાસ સુરતમાં લીધા હતા. આ અગાઉ તેઓ ગાંધીનગરમાં રહેતા હતા.

# શહેરના સર્કલો તેમજ વિધાનસભા સામેના વિસ્તારમાં પણ ફુલો નિખરશે

**વિધાનસભા ગેટ નં-૬ પાસે પણ બોગન વેલ અને મહેંદીના રોપાઓની વાવણી**

ગાંધીનગર તા ૩૦

આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના માર્ગો સાથે સર્કલો, વોક વે અને સેન્ટ્રલ વર્જ સહીત માર્ગ આસપાસના વિસ્તારની રોનક નિખારવા માટે જરૂરી પ્લાન્ટેશન કરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત સર્કલોને પણ રંગબેરંગી ફુલોથી નિખારવા માટે રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. નગરના છ-૩ સર્કલ પર જાસુદ અને ચાંદનીના ફુલો નિખારવા માટે રોપાઓનુ વાવેતર કરી દેવાયુ છે. વિધાનસભાના ગેટ નં-૩ પાસે પણ બોગન વેલ તેમજ કડવી મહેંદીના રોપાઓની કરવામાં આવી રહી છે.

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના સર્કલોને સુશોભિત કરવાનુ પણ આયોજન કરાયુ છે. નગરના મુખ્યમાર્ગો પરના સર્કલો સહીત તમામ સર્કલોની જાળવણીનુ કામ સંસ્થાઓને

● અનુસંધાન પાન-૭ પર

# જાહેરાત

પ્લમ્બિંગનું કામ કરતી રસ ધરાવતી વ્યકિત/સંસ્થાને સોસાયટીના આઠ માળ ધરાવતા ચાર બ્લોકના કુલ ૧૨૮ ફલેટ માટે સ્વયં સંચાલિત પાણી પુરવઠા સાથે દરેક ફલેટ દીઠ પાણીના મીટર તથા વ્યકિતગત પાઈપલાઈન નાખવા માટે તા. ૧૫-૧-૨૦૧૯ સુધીમાં ભાવપત્રક રજુ કરવા જણાવવામાં આવે છે. ભાવપત્રકનો નમૂનો શ્રી વી. કે. ઓઝા (મો. ૯૭૧૪૮૦૩૨૯૯) પાસેથી મેળવી લેવાનો રહેશે.

પ્રમુખ મંત્રી
**રાધે રેસિડેન્સી કો.ઓ. હાઉસિંગ સર્વિસ સોસાયટી લિમિટેડ**
મુ.પો. કુડાસણ, ગાંધીનગર-કોબા રોડ, ગાંધીનગર-૩૮૨૪૨૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com